તાત્કાલીક સમયસરનું

ક્રમાંક/જિ.પં/સક/સાયકલ/વશી/૭૨૮-૭૪૩/૨૦૨૧-૨૨

સમાજ કલ્યાણ શાખા
જિલ્લા પંચાયત, પાલનપુર
તા.૨૧/૦૬/૨૦૨૧.

પ્રતિ,
માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
(રાજ્ય)જોરાવર પેલેસ,
બનાસકાંઠા, પાલનપુર.

વિષય: DIGITAL GUJARAT PORTAL માં વર્ષ ૨૦૨૦-૨૧માં સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના હેઠળ ધોરણ-૯મા અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓની ઓનલાઇન દરખાસ્ત સત્વરે મોકલી આપવા તથા વિતરણ કરવાની બાકી રહેતી સાયકલો મેળવી લેવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના અંતર્ગત અનુસૂચિત જાતિની ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને કન્યા કેળવણીમાં પ્રોત્સાહન આપવા હેતુ સરકારશ્રી દ્વારા સાયકલ સહાય ભેટ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦થી સાયકલ સહાય મેળવવા શાળા કક્ષાએથી DIGITAL GUJARAT PORTAL પર ઓનલાઇન દરખાસ્ત કરવાની થાય છે.

ગત નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાનની શાળા તરફથી સાયકલ મેળવવા માટેની દરખાસ્ત ધ્યાને લઇ સબંધીત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીઓ દ્વારા હાલ સાયકલ વિતરણ કરવામાં આવેલ છે તેમજ સાયકલ વિતરણની કામગીરી હવે પૂર્ણ થવાના આરે છે. જેથી જે કોઇ પણ શાળા તરફથી હજુ સૂધી સાયકલ મેળવવાની બાકી હોય તો તેઓએ તાત્કાલીક DIGITAL GUJARAT PORTAL પર ઓનલાઇન દરખાસ્ત કરી સબંધીત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીનો સંપર્ક કરી દિન -૦૭માં સાયકલ મેળવી લેવાની રહેશે. ત્યાર બાદ જો શાળા તરફથી સાયકલ મેળવવાની બાકી રહેશે, તો તે અંગે ઉભી થતી સઘળી જવાબદારી શાળાના આચાર્યશ્રીની અંગત રહેશે.

વિશેષમાં જણાવવાનું કે. જે શાળાઓ તરફથી સાયકલો મેળવી લેવામાં આવેલ છે અને DIGITAL GUJARAT PORTAL પર ઓનલાઇન દરખાસ્ત કરવાની બાકી છે તેઓએ DIGITAL GUJARAT PORTAL પર ઓનલાઇન દરખાસ્તની કાર્યવાહી તાત્કાલીક પૂર્ણ કરવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા વિનંતી છે.

ક્રમાંક:–મા.વિ.૩ પરીપત્ર/૨૦૨૧/ ૨૭૭૧૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
તારીખ :૨૮/૦૬/૨૦૨૧

ર/–સમાજ કલ્યાણ અધિકારીની કચેરી,બનાસકાંઠાના પત્ર ક્રમાંક:જિ.પં./સક/સાયકલ/વશી/૭૨૮–૭૪૩/ ૨૦૨૧–૨૨,તા.૨૧/૬/૨૦૨૧ અન્વયે જાણ તથા ઉપરોકત વિગતે અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી માધ્યમિક શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner

**નકલ. સવિનય જાણ સારૂ રવાના:-**

- માન. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,બ્લોક નંબર-૪/૨, ડૉ.જિવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના અમલવારી સારૂ.**

- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી, ......(તમામ), તાલુકા પંચાયત કચેરી,............, તાલુકો..............., જિ.બનાસકાંઠા.

Scanned by CamScanner